ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૯/૨૩-૨૪/ 26

તારીખ : 11 JAN 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૯/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી કિશોરભાઈ ભાયાભાઈ ચાડ,**
મોગલધામ સામે, નવાગામ,
મું.કરદેજ,
તા.જી.ભાવનગર.

મો.નં-૯૮૨૪૨ ૩૬૬૩૬

**વિષય : ફોલ્ટી મીટરનું બીલ રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૦/૦૯/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૨૧/૦૯/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૩-૨૪/૧૩૫૮ તા.૨૨/૦૯/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૩-૨૪/૧૪૪૧ તા.૧૯/૧૦/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૩-૨૪/૧૫૬૮ તા.૧૩/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૧૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

**પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) **નાયબ ઈજનેરશ્રી,** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>**કેઈસ નંબર – ૪૯/૨૩–૨૪**</u> ☜

**વાદી** :– **શ્રી કિશોરભાઈ ભાયાભાઈ ચાડ,**

◈ **વિરુધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>**રજુઆતની તારીખ:– તા.૨૯/૧૨/૨૦૨૩**</u> ◈

**વાદી** હાજર રહયા :– શ્રી રહીમભાઈ રાઘવભાઇ **(વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એસ.એલ.પટેલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કિશોરભાઈ ભાયાભાઈ ચાડ, મું.કરદેજ, તા.જી.ભાવનગરની ફોલ્ટી મીટરનું બીલ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૯/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૨૩–૨૪/૧૩૫૮ તા.૨૨/૦૯/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા <u>**તા.૦૧/૧૧/૨૦૨૩ અને**</u> <u>**તા.૨૯/૧૨/૨૦૨૩**</u> ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી **તા.૦૧/૧૧/૨૦૨૩** ના રોજ હાજર રહેલ નહી અને મુદત માંગેલ તથા **તા.૨૯/૧૨/૨૦૨૩** શ્રી કિશોરભાઈ ભાયાભાઈ ચાડ વતી તેમના પ્રતિનિધિ શ્રી રહીમભાઈ રાઘવભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.એલ.પટેલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ <u>**વાદીશ્રીની રજુઆત**</u>**:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ જય ભારત સાથ જણાવવાનું કે, અમારો ગ્રાહક નં–૩૬૭૦૨/૬૦૧૦૮/૫ કિશોરભાઈ ભાયાભાઈ ચાડ નામનું બીલ આવે છે. અમો પીજીવીસીએલ રેગ્યુલર ગ્રાહક હોય અમો ટાઈમ ટુ ટાઈમ બીલ ભરપાઈ કરેલ હોય, તા.૧૬.૦૯.૨૦૨૩ ના રોજ અમો રેગ્યુલર બીલમાં જુના–૨૦૨૧ વાવાઝોડા વખતે અમારૂં મીટર બદલાવેલ તેના રૂા.૧૮૫૧૦/– ડેબીટ કરેલ છે તો અમોને વાવાઝોડા વખતે અમારે લાઈટ લગભગ ૧૫–૨૦ દીવસે લાઈટ આવેલ છે તો અમોને ફોલ્ટી તરીકે બીલ ૨૦૨૧ નું અમારૂં રેગ્યુલર બીલ ચડાવેલ છે. તો અમો આ બીલ માફ કરવા નમ્ર વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ ગ્રાહક નં–૩૬૭૦૨/૬૦૧૦૮/૫ ના નામે કિશોરભાઈ ભાયાભાઈ ચાડ વાણીજય હેતુ માટેનું વીજ જોડાણ ધરાવે છે.

૨.૨ સદર ગ્રાહકમાં જુન–૨૦૨૧ ના માસમાં તા.૦૯.૦૬.૨૦૨૧ ના રોજ મીટર ચેઈન્જ કરવામાં આવેલ અને વરતેજ કચેરી દ્વારા લેબ પરિક્ષણ માટે તા.૦૯.૦૬.૨૦૨૧ ના રોજ નોટીસ આપીને મીટરની ચકાસણી માટે કચેરીમાં (૧) તા.૧૫.૦૬.૨૦૨૧ (૨) તા.૨૨.૦૬.૨૦૨૧ (૩) તા.૨૯.૦૬.૨૦૨૧ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. પરંતુ, ગ્રાહક હાજર નહી રહેતા મીટર પેકેટ ની તા.૧૩.૦૭.૨૦૨૧ ના રોજ એક તરફી ચકાસણી કરવામાં આવેલ છે. જે લેબ રીપોર્ટમાં મીટરની ડીસ્પ્લે બંધ છે. તેથી મીટરના રીડીગ મળેલ ન હોય મીટર ડીફેકટીવ છે તેવું લેબ રીપોર્ટ નં.૧૯૩૧૧ માં જણાવવામાં આવેલ છે. લેબ રીપોર્ટ ની નકલ સામેલ છે.

૨.૩ ઓડીટ ટીમ દ્વારા કંપનીનાં નિયમ મુજબ અગાઉના ત્રણ માસના (માર્ચ–૨૦૨૧, એપ્રિલ–૨૦૨૧, મે–૨૦૨૧) ના યુનીટ અનુક્રમે ૩૪૬૫, ૫૦૧૧, ૨૨૫૪ ની એવરેજ લેવામાં આવેલ છે. જે એવરેજ ૩૫૭૬ યુનીટ આવેલ હતી. જયારે સીસ્ટમમાં બીલ ૯૬૭ યુનીટનું જ આપવામાં આવેલ છે. તેથી ૨૬૦૯ (૩૫૭૬–૯૬૦) યુનીટના બીલની રકમ રૂા.૧૮,૫૧૦/૮૬ ગ્રાહકનાં ખાતામાં ડેબીટ કરવામાં આવેલ છે. ઓડીટ રીપોર્ટની નકલ સામેલ છે. જે રકમ કંપનીનાં નિયમ મુજબ ભરપાઈ કરવાપાત્ર થાય છે.

Prayer :

સદર ઉપરોકત બાબતો ધ્યાને લઈ ફોલ્ટી મીટરનું બીલ રદ કરવા અંગેની ગ્રાહકની રજૂઆત ગ્રાહય ન રાખવા અપીલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી કિશોરભાઈ ભાયાભાઈ ચાડ, ગામ–કરદેજ ખાતે ગ્રા.નં.૩૬૭૦૨/૬૦૧૦૮/૫ થી NRGP નું વીજ કનેકશન ધરાવે છે. તથા તેમના જુના મીટર પેટે પ્રતિવાદીએ બાકી કાઢેલ રકમ રૂા.૧૮૫૧૦/– વાવાઝોડાને કારણે વપરાશ ન હોઈ રદ કરવા વિનંતી કરેલ છે.

૩.૨ વાદીની અરજી ધ્યાને લઈ ફોરમ દ્વારા તા.૦૧.૧૧.૨૦૨૩ ના રોજ પ્રથમ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં વાદી દ્વારા મુદત માંગવામાં આવેલ, તેમજ પ્રતિવાદીએ જવાબ રજુ કરેલ, આજરોજ તા.૨૯.૧૨.૨૦૨૩ ના રોજની બીજી સુનાવણીમાં બન્ને પક્ષો હાજર છે તથા તેમની રજુઆતો કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૩ હાલના કેસની વિગત મુજબ વાદી દ્વારા તેમના સદરહુ કનેકશનને "તોકતે" વાવાઝોડા દરમ્યાન નુકશાન થતાં તા.૦૭.૦૬.૨૦૨૧ ના રોજ મીટર બદલવાની અરજી પ્રતિવાદીની કચેરીએ કરેલ, જેના અનુસંધાને વાદીનું મીટર તા.૦૯.૦૬.૨૦૨૧ ના રોજ બદલવામાં આવેલ.

૩.૪ વાદીનાં જુનાં મીટરમાં R-ફેઈઝ બળી ગયેલ માલુમ પડેલ, તેમજ ડીસ્પ્લે બંધ હતી ને મીટર રીડીગ મળેલ ન હોઈ તેવું લેબ રીપોર્ટ માં તારણ છે. તેમજ જુના છેલ્લા રીડીગ ૯૬૭ મુજબનું બીલ બનાવેલ.

૩.૫ પ્રતિવાદીની ઓડીટ ટીમ દ્વારા લેબ પરિક્ષણમાં મીટર ફોલ્ટી હોવાનું જણાતાં GERC ના સપ્લાય કોડ મુજબ છેલ્લા ૩ બીલની એવરેજ ૩૫૭૬ યુનીટને ઘ્યાને લઈ જુના ૯૬૭ યુનીટને બાદ કરીને તફાવત ના ૨૬૦૯ યુનીટનું તફાવતની રકમ ને વાદીના ખાતામાં ઉધારવામાં આવેલ.

૩.૬ વાદી દ્વારા સદરહું સમયગાળા એટલેકે તા.૧૯.૦૫.૨૦૨૧ વાવાઝોડાની તારીખથી આશરે ૧૫–૨૦ દિવસ પાવર સપ્લાય ન હોય બીલ રદ કરવા વિનંતી કરેલ છે.

પરંતુ મીટરનો એમ.આર.આઈ ન લઈ શકવાને કારણે તેમજ વાદીના જુનાં મીટરના દૈનિક વપરાશ ૯૬૭ યુનીટ સામે નવા મીટરના તા.૦૯.૦૬.૨૦૨૧ થી ૧૮.૦૬.૨૦૨૧ સુધીના વપરાશને ઘ્યાને લેતાં પ્રતિદિન ૧૦૭ યુનીટનો વપરાશ માલુમ પડેલ છે.

૩.૭ આ સંજોગોમાં વાદીનું એવરેજ બીલ પ્રતિદિન ૧૦૭ ના વપરાશ ને ઘ્યાને લઈને પ્રતિવાદીની ઓડીટ ટીમ દ્વારા આપવામાં આવેલ બીલ યોગ્ય જણાય છે, અને વાદીએ તે ભરવાપાત્ર છે.

## –:: હુકમ ::

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાંવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રી જે.એમ મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(બી.આર.વડાવીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૯/૧૨/૨૦૨૩.